# શ્રી શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રહ્મસમાજ


**(શ્રી શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ મિત્ર મંડળ)**

**ટ્રસ્ટ નોંધણી નંબર એ-૨૪૨૦, અમદાવાદ તારીખ : ૨૭-૯-૧૯૭૪**

**મોનેક્ષ માર્કેટીંગ, પહેલોમાળ, સંઘવી ચેમ્બર્સ, પોલીસ સ્ટેશન પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ००૯, ફોન : ०૭૯-૨૬૪૨ ૫૭૮૦**


## પરિપત્ર

સુજ્ઞ સભ્ય શ્રી,

તા.: ૧૪/૦૯/૨૦૨૩

જ્ઞાતિના સર્વે સભ્યોને તથા પરિવારને આવનારા નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છા. આપના સર્વેને નવું વર્ષ આરોગ્યમય આનંદમય અને વિકાસશીલ રહે તેવી અમારી શુભકામના.

તારીખ ૨૦/૦૮/૨૦૨૩ના રોજની સામાન્ય સભા અને ઈનામ વિતરણ વાર્ષિક ઉત્સવમાં આપ સર્વે મોટી સંખ્યામાં આનંદ અને ઉત્સાહના વાતાવરણમાં હાજરી આપી તે માટે ખૂબ જ ધન્યવાદ કાર્યક્રમ દરમ્યાન કોઈને નાની-મોટી અગવડ પડી હોય તો તે માટે અમો દીલગીરી વ્યક્ત કરીએ છીએ.

વર્ષ દરમ્યાન આપણી પરંપરા મુજબ જે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીએ છીએ તે અંગે નીચે મુજબ નક્કી થયેલ છે. સૌ સભ્યો તથા તેમના પરિવારોને મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા ભાવભર્યુ આમંત્રણ છે. આ કાર્યક્રમોની જાહેરાત સામાન્ય સભામાં કરી છે પરંતુ જે ઓ અજાણ હોય તે સૌ નોંધ લે તેવી વિનંતી.

બ્રહ્મસમાજના સભ્યો અને તેમના પરિવારો માટે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કર્યું છે. આપ સૌ મોટી સંખ્યામાં ભાગ લો તે માટે પ્રેમપૂર્વક નિમત્રણ પાઠવીએ છીએ.

### વાર્ષિક સ્નેહમિલન અને ગરબા તથા સાંસ્કૃતીક કાર્યક્રમ

આપણા મંડળની પરંપરામુજબ દર વર્ષે માતાજીની આરતી સાથે યોજાતો રાસ ગરબા કાર્યક્રમ આ વર્ષે તારીખ ૨૯/૧૦/૨૦૨૩ ને રવિવાર ના રોજ સાંજે ૫-૦૦ વાગે **શ્રી કામનાથ મહાદેવ મંદિર પટાંગણ/હોલ, નવરંગપુરા, લોયલા સ્કુલ સામે, દર્પણ છ રસ્તા, અમદાવાદ,** મુકામે યોજવાનું નક્કી કરેલ છે. આપણા સમાજના અનેક યુવાઓ અને બાળકોની પ્રતિભા બહાર લાવવા અને તેમને પ્રોત્સાહીત કરવાના હેતુ સાથે આપણે ગરબા કાર્યક્રમ દરમિયાન ખાસ સાંસ્કૃતીક કાર્યક્રમ મુજબના એક કે વધુ કાર્યક્રમમાં ઉત્સાહ સાથે ભાગ લે તેવી આશા છે. તેમનું વર્ણન નીચે મુજબ છે. ૧. ગીત ગાવું, ૨. કોઈ પણ પ્રકારનું વાધ વગાડવું, (ગીતાર, કી-બોર્ડ વિગેરે), ૩. સોલો ડાન્સ, ૪. ગ્રુપ ડાન્સ, ૫. કોમેડી, મીમીક્રી, ૬. ડ્રામા અન્ય કઈ પણ કરી શકે છે. ઉપરના કોઈપણ પ્રકારનાં પરફોમન્સ માટે પાંચ થી સાત મિનીટ ફાળવવામાં આવશે તથા તેની તૈયારી પોતાની જાતે કરવાની રહેશે. (દા.ત. ગીત લાવવું, કોઈ પણ વાધ લાવવું વિગેરે) આપણી યુવા પેઢી અને બાળકો આગળ આવી આ કાર્યક્રમને ખૂબ જ સફળ બનાવે તેવી આશા રાખીએ. મર્યાદિત સમયને ધ્યાનમાં રાખતા રજીસ્ટ્રેશન વહેલા તે પહેલાના ધોરણે તા. ૨૫/૧૦/૨૦૨૩ પહેલા શ્રી તેજસભાઈ એસ. દવેની પાસે તથા વધારે માહિતી માટે સંપર્ક કરવો મો. ૯૮૭૯૪ ૨૬૬૪૪. બાળકો, બહેનો તથા ભાઈઓ એમ સૌને વેશભુષા તથા સ્ટાઈલ જોઈ ઈનામોથી પ્રોત્સાહીત કરવામાં આવશે તો સૌ અવશ્ય હાજર રહે તેવી વિનંતી છે. કાર્યક્રમ બાદ ભોજનની પણ વ્યવસ્થા સૌ માટે કરવામાં આવી છે. તે માટેના પાસ નીચેના કોઈપણ સભ્યો પાસેથી તા. ૨૫/૧૦/૨૦૨૩ પહેલા લઈ લેવા.

### ધાર્મિક પ્રવાસ

આ વર્ષે તા. ૦૩/૧૨/૨૩ ને રવિવારેના રોજ પ્રસિધ્ધ સપ્તેશ્વર મહાદેવ તથા મીની પાવાગઢ (અંબોડ) પ્રવાસનું આયોજન કરેલ છે. જેમાં એ.સી. બસનું આયોજન કરેલ છે. જેમા સવારે ચા-પાણી, નાસ્તો, બપોરનું ભોજન તથા બપોરે ચા તથા સાંજનું ભોજન રાખેલ છે. આ વખતે આપણા સમાજે ૫૦ વર્ષ પૂર્ણ થતા તેની ઉજવણીના ભાગ રૂપે સર્વેને મુક્ત પ્રવાસનું આયોજન કરેલ છે. જેમા ફક્ત ટોક્ન રૂપે ૫ર વ્યક્તિના રૂા. ૨૦૦/ વ્યવસ્થાના ભાગ રૂપે લેવાનું નકકી કરેલ છે. આખા દિવસના પ્રવાસથી જ્ઞાતિના સભ્યોમાં આત્મીયતા વધશે. તો જેમ બને તેમ જલદી નીચેના કોઈ પણ સભ્યો પાસે નામ નોંધાવી અને મોબાઈલ નંબર લખાવી દેવા વિનંતી. બાકીની માહિતી એસ.એમ.એસ દ્વારા જણાવવામાં આપશે.

### વાર્ષિક સમૂહ ધાર્મિક કાર્યક્રમ

દર વર્ષે એક ધાર્મિક ઉત્સવ વૈવિધતાપૂર્ણ રીતે ઉજવી સૌ શ્રધ્ધાવાન કુટુંબો સક્રિયપણે ભાગ લે તેવી આપણી સંસ્થાની પ્રણાલી છે. ધાર્મિક સંસ્કાર અને સંસ્કૃતિના જતન માટે યોજાતા ધાર્મિક કાર્યક્રમમાં પરંપરાના ભાગ રૂપે આ વર્ષે સમૂહ હોમાત્મક લઘુરુદ્રનું આયોજન કરેલ છે.

જેની બાહુ સુવર્ણ જડીત છે. અને જેની જટા ચારે દિશામાં ફેલાવેલી છે. જેના વાળ સુંદર કાળા છે. જે પશુપતિનાથ છે. જે સંસારના બંધનોથી છોડાવે છે. જે દુશ્મનોથી રક્ષણ કરે છે. તેવા ભોલા શંભુને અમારા નમસ્કાર છે. પ્રાચીન કાળથી શિવઉપાસના રૂદ્ર એટલે ઉગ્રસ્વરૂપ અને શિવ એટલે કલ્યાણકારી. દેવોએ પણ શતરુદ્રિપ પાઠથી શિવજીની સ્તુતી કરી ભગવાન સદાશીવ અને ભગવાન શ્રી કૃષ્ણ બંને પરમ યોગેશ્વરી છે અને એક બીજાની ઉપાસના કરનાર છે. વાસ્તવિક રીતે બંને એક્જ સ્વરૂપ છે. આધુનીક જમાનામાં પણ શિવજીની પ્રસન્નતા અર્થે રૂદ્રિની મહિમા પ્રચલીત છે. રૂદ્રિ નિત્યપાઠ કરવાથી દુ:ખ અને રોગમાંથી મુકિત મળે છે. આજે જગતમાં ભૌતિક સગવડો અને સમૃધ્ધિ વધતી જાય છે. તેમ છતા માનવી જીવનમાં શાંતિ મેળવવા ઈશ્વરની પ્રાર્થના કરે છે. અને શાંતિ ઈશ્વરના સાંનિધ્યમાં જ મળે તે નિર્વિવાદ છે. આ વર્ષે ધાર્મિક ઉત્સવ તરીકે તા. ૩૧/૧૨/૨૦૨૩ ના રોજ હોમાત્મક લઘુરુદ્રનું આયોજન કરેલ છે.

**સ્થળ : શ્રી કામનાથ મહાદેવ મંદિર પટાંગણ/હોલ, નવરંગપુરા, લોયલા સ્કુલ સામે, દર્પણ છ રસ્તા, અમદાવાદ, સવારે ૮-૩૦ કલાકે**

આ પ્રસંગે મુખ્ય યજમાન, ઉપ યજમાન અને ભાવિક યજમાન એ રીતે ત્રણ વિભાગમાં યજમાનોની નોંધણી થશે.

## યજમાન અનુદાન

| યજમાનનો પ્રકાર | ભેટની રકમ |
| --- | --- |
| મુખ્ય યજમાન | રૂા. ૨૧૦૦૦/- |
| ઉપમુખ્ય યજમાન | રૂા. ૧૫૦૦૦/- |
| ભાવિક યજમાન | રૂા. ૨૧૦૦/- |

યજમાન થનાર કુંટુબો દીઠ નિશ્ચિત અનુષ્ઠાન આવશ્યક રહેશે. નોંધણી કરનારને આ માટે જરૂરી માગદર્શન આપવામાં આવશે. વહેલા નોંધણી કરાવવાથી જરૂરી અનુષ્ઠાન સરળ રહેશે. શ્રધ્ધાળુ, ઉત્સાહીત જ્ઞાતિબંધુઓને વહેલાસર નોંધણી કરાવી દેવા વિનંતી છે.

મહાપ્રસાદ તથા ફરાળમાં યજમાન તથા જ્ઞાતિબંધુઓ માટે પાસનું વિતરણ તા. ૧૫/૧૧/૨૦૨૩થી શરૂ થશે. આગોતરા આયોજન માટે હાજર રહેનાર સભ્યોના પાસ તથા પુજામાં બેસવા માટેના નામ તા. ૨૦/૧૨/૨૦૨૩ સુધીમાં નીચે દર્શાવેલ કમિટીના સભ્યો પાસે નોંધાવી દેવા વિનંતી છે. તથા જ્ઞાતિની ઓફીસે પણ વ્યવસ્થા કરેલ છે. બ્રહ્મભોજન માટે તથા બ્રહ્મભોજન ના ફંડ માટે ઉદાર હાથે ફાળો આપવાની નમ્ર અપીલ કરીએ છીએ. ઉપરાંત આખા બ્રહ્મભોજનના સ્પોનસર થવા માટે ઈચ્છા હોય તો પણ આવકાર્યર્ય છે. ભોજનનો બગાડ ન થાય અને ખૂટે નહી તે માટે સમયસર જોઈતા પાસ લઈ લેવા વિનંતી છે તથા ભોજન પાસનું કોઈ શુલ્ક રાખવામાં આવેલ નથી.

| | | | |
| --- | --- | --- | --- |
| **શ્રી અરવિંદભાઈ બી. કનાડા** | **૯૮૯૮૪ ૩૨૪૧૧** | **શ્રી રાજેન્દ્રભાઈ બી. કનાડા** | **૯૮૭૯૧ ૬૩૮૨૨** |
| **શ્રીમતિ કિર્તીબેન એ. જાની** | **૯૯૯૮૪ ૦૫૫૨૫** | **શ્રીમતિ રૂપાબેન એચ. પંડયા** | **૯૪૨૭૮ ૦૬૮૬૫** |
| **શ્રી કિસ્મતભાઈ પી. ત્રિવેદી** | **૯૯૯૮૬ ૫૦૫૩૨** | | |

## વડીલોનું સન્માન

તા.૩૧-૧૨-૨૦૨૩ ના ધાર્મિક કાર્યક્રમ દરમ્યાન દર વર્ષની જેમ જ્ઞાતિના ૬૫ વર્ષ કે તેથી ઉપરની ઉંમરના વડીલોનું સન્માન તથા જે દંપતિઓએ સુખી લગ્નજીવનના ૫૦ વર્ષ પુરા કર્યા હોય તેમનું સન્માનનો કાર્યક્રમ રાખેલ છે. સભ્યોને વિનંતી છે કે તેઓનાં નામ અને વિગત સંસ્થાના કોઈપણ હોદ્દેદારને તા.૨૦-૧૨-૨૩ સુધીમાં પહોંચતા કરવા.

સર્વે સમાજના સભ્યોને વિનંતી છે. આપણા સમાજ ની વેબસાઈટ ઉપર પણ આ સરક્યુલર મૂકેલ છે. તથા વોટસઅપ ગ્રુપમાં પણ મૂકેલ છે. બાકી જે સભ્યોએ વેબસાઈટ ઉપર પોતાનું રજીસ્ટ્રેશન ન કર્યર્યુ હોય તે જલ્દી પોતાનું રજીસ્ટ્રેશન કરી દે તે બાબતે કોઈપણ તકલીફ હોય તો આપણા સમાજના સભ્ય શ્રી તેજસભાઈ દવેનો સંપકર્ક કરવો જેનો મોબાઈલ નંબર આગળ આપેલ છે.

આપણા સમાજને મળેલ માહીતી પ્રમાણે શ્રીપ્રવિણભાઈ વૃજલાલ ભટ્ટ પરિવાર તરફથી શ્રીમદ્ ભાગવત જ્ઞાન યજ્ઞનું આયોજન તા.૨૦/૧૧/૨૦૨૩ થી તા.૨૬/૧૧/૨૦૨૩ કરેલ છે. તેમણે દરેક જ્ઞાતિબંધુઓને કથા શ્રવણ અને પ્રસાદ લેવાનું આમંત્રણ આપેલ છે.

**કથા સ્થળ : સનસાઈન હોલ, રત્નાકર હેલ્સીયન પાસે, પ્રેરણાતીર્થ દેરાસર પાસે, સેટેલાઈટ, જોધપુર ગામ, અમદાવાદ-૧૫**
**સમય : બપોરે ૩-૦૦ થી ૬-૦૦**

સરક્યુલર પોસ્ટની અનિયમિતતા ને કારણે મળવામાં મુશ્કેલ થાય તો જેમને પણ જલ્દી મળે તે પોતાના બધાંજ સ્નેહી જ્ઞાતિબંધુઓને જાણ કરે.

**નોંધ : આથી સમાજના સર્વે સભ્યોને વિનંતી છે કે ભોજનના પાસ જેટલી સંખ્યામાં જરૂરિયાત હોય તેટલા જ લેવા, અન્નદેવતાનો બગાડ ન થાય તેમની નૈતિક જવાબદારી સર્વે સભ્યોની છે.**

**નરેન્દ્ર એન. ભટ્ટ**
**પ્રમુખ**

**દક્ષેષકુમાર જે. દવે**
**મંત્રી**

બુક-પોસ્ટ

પ્રતિશ્રી

**રવાના**
**મોનેક્ષ માર્કેટીંગ, પહેલોમાળ, સંઘવી ચેમ્બર્સ, પોલીસ સ્ટેશન પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯, ફોન : ૦૭૯-૨૬૪૨ ૫૭૮૦**

**શ્રી શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રહ્મસમાજ**